# એસ.ડી. આટ્‌ર્સ એન્ડ બી.આર. કોમર્સ કોલેજ–માણસા

T.Y.B.A. SEM-V

ગુજરાતી પેપર નં. 302 – Core 'ભાષા વિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય'

પ્રા. એચ.બી. મહેતા

MCQ

(૧) ભાષા કેવા ધ્વનિ સંકેતોની બનેલી છે ?
(અ) યાદચ્છિક (બ) નિશ્ચિત (ક) અનિશ્ચિત

(૨) ભાષાએ માનવીને પ્રાપ્ત થયેલો કેવા પ્રકારનો વારસો છે ?
(અ) માનસિક (બ) સામાજિક (ક) શારીરિક

(3) " ભાષા યાદચ્છિક ધ્વનિસંકેતોની એક એવી યોજના છે જેના વડે એક સામાજીક સભ્યો પરસ્પર સહકાર અને સંપર્ક સાધે છે " – આ વ્યાખ્યાના ભાષાવિજ્ઞાની નું નામ જણાવો.
(અ) સેપિર (બ) બ્લૂમફિલ્ડ (ક) સ્તુર્તેવ્ય (ડ) સ્તુર્તેવા

(૪) માનવવિચારો અને લાગણીઓ વ્યક્ત કરવાનું સૌથી અસરકારક માધ્યમ કયું છે ?
(અ) ભાષાઓ (બ) ચિત્રો (ક) ચેષ્ટાઓ

(૫) ડૉ. પ્રબોધ પંડિતે ગુજરાતી ભાષાના સ્વરોની ચર્ચા કરતાં કેટલા માન્ય સ્વર ગણાવ્યા છે ?
(અ) ૧૫ (બ) ૮ (ક) ૯

(૬) લિપિ એ કયા પ્રકારના સંકેતોની પધ્ધતિ કહી શકાય ?
(અ) વાચ્ય (બ) શ્રાવ્ય (ક) દ્રશ્ય

(૭) 'ડચકારો' કઈ ભાષાનો ધ્વનિઘટક છે ?
(અ) અરબી (બ) ગુજરાતી (ક) ફારસી

(૮) ભાષાનો મૂળ પાયો શું છે ?
(અ) લિપિ (બ) ઉચ્ચાર (ક) લેખન

(૯) ભાષાવિજ્ઞાનમાં અર્થભેદક ધ્વનિઓને શું કહે છે ?
(અ) ઉપધ્વનિઘટક (બ) આપેલમાંથી એક પણ નહીં (ક) ધ્વનિ ઘટક

(૧૦) 'મશાલ' શાનું પ્રતીક છે ?
(અ) જ્ઞાનનું (બ) પ્રકાશનું (ક) અગ્નિનું

(૧૧) સાહિત્યમાં અવગમનની પ્રક્રિયા શાના લીધે થાય છે ?
(અ) શિક્ષણ (બ) ભાષા (ક) રસ

(૧૨) ભાષાના તળસ્વરૂપને શું કહે છે ?
(અ) ઉપભાષા (બ) અન્યભાષા (ક) બોલી

(૧૩) અર્થ ધરાવતા ધ્વનિઘટકોના નાનામાં નાના એકમને શું કહે છે ?
(અ) રૂપ (બ) રૂપ ઘટક (ક) ઉપરૂપ ઘટક

(૧૪) ભાષામાં રૂપઘટકોના વર્ગીકરણની પધ્ધતિને શું કહે છે ?
(અ) રચનાતંત્ર (બ) રૂપતંત્ર (ક) ભાષાતંત્ર

(૧૫) ધ્વનિ, રૂપ અને વ્યાકરણ ઉપરાંત ચોથું કયું તત્વ ભાષાનું મહત્વનું અંગ છે ?
(અ) વિભક્તિઓ (બ) વાક્યરચના (ક) શબ્દભંડોળ

(૧૬) ફેફસામાંગથી બહાર આવેલ હવા સૌથી પહેલાં કયાંથી પસાર થાય છે ?
(અ) સ્વરયંત્રમાંથી (બ) મુખમાંથી (ક) નાદતંત્રીઓમાંથી

(૧૭) સ્વરયંત્રના ઉપલા દ્વારને શું કહે છે ?
(અ) નાદતંત્રી (બ) તંત્રીવિવર (ક) શ્વાસનળી

(૧૮) તાળવાના છેડે ઊંચો–નીચો થતા ભટકતા ભાગને શું કહે છે ?
(અ) મૂર્ધા (બ) જીભ (ક) પડજીભ

(૧૯) નાદતંત્રીઓ નિષ્પન અવસ્થામાં હોય અને હવા બહાર આવે ત્યારે કેવા પ્રકારનો ધ્વનિ ઉત્પન્ન થાય છે ?
(અ) અઘોષ (બ) ઘોષ (ક) અનુનાસિક

(૨૦) ફેફસામાંથી બહાર આવતી આ નાદતંત્રીઓ ધ્રુજાવી એ અવાજ નિષ્પન્ન કરે ત્યારે કેવા પ્રકારનો ધ્વનિ ઉત્પન્ન થાય છે ?
(અ) મર્મર (બ) ઘોષ (ક) અઘોષ

(૨૧) 'બ્હીક', 'કુહાડી' – માં આવતા 'હ' ધ્વનિને ડૉ. પ્રબોધ પંડિત કેવા પ્રકારનો ગણાવે છે ?
(અ) સ્પર્શ (બ) સંઘર્ષી (ક) મર્મર

(૨૨) ફેફસામાંથી બહાર નીકળતી હવા મુખપથમાં ક્યાંય રોકાયા વગર બહાર નીકળે ત્યારે ઉત્પન્ન થતા ધ્વનિને શું કહેવાય ?
(અ) સ્વર (બ) વ્યંજન (ક) ઘોષ–અઘોષ

(૨૩) ક્, ખ્, ગ્, ઘ્ – કયા વર્ગના વ્યંજનો છે ?
(અ) દંત્ય (બ) કંઠચ (ક) મૂર્ધન્ય

(૨૪) પ્, ફ્, બ્, ભ્, મ્ – આ વ્યંજનો મુખના કયા અંગના ઉપયોગ વગર ઉચ્ચારી શકાતા નથી ?
(અ) નાક (બ) દાંત (ક) હોઠ

(૨૫) ચ્, છ્, જ્, ઝ્ – કયા વર્ગના વ્યંજનો છે ?
(અ) તાલવ્ય (બ) કંઠચ (ક) ઓષ્ઠય

(૨૬) નીચેનામાંથી કયા વ્યંજનો સંઘર્ષી ગણાય છે ?
(અ) હ્, ય્, વ્ (બ) સ્, શ્, હ્ (ક) લ્, ળ્, ર્

(૨૭) જે વ્યંજનોના ઉચ્ચારણ વખતે હવાનો ઓછો જથ્થો બહાર નીકળે તેને કેવા પ્રકારના વ્યંજનો કહે છે ?
(અ) સંઘર્ષી (બ) મહાપ્રાણ (ક) અલ્પપ્રાણ

(૨૮) ગુજરાતીમાં કુલ કેટલા અનુનાસિક ધ્વનિઓ છે ?
(અ) પાંચ (બ) સાત (ક) દસ

(૨૯) માન્ય ગુજરાતીના અર્ધસ્વરો કયા–કયા છે ?
(અ) ર્–હ્ (બ) ય્–વ્ (ક) લ્–ળ્

(૩૦) જે વ્યંજનોનું ઉચ્ચારણ હવાના વધારે જગ્યા કે સ્ફોટથી થયા છે તેને કેવા પ્રકારના વ્યંજનો કહે છે ?
(અ) અલ્પપ્રાણ (બ) અનુનાસિક (ક) મહાપ્રાણ

(૩૧) સ્વરોના ઉચ્ચારણમાં કયા અંગોની કામગીરી મહત્વની છે ?
(અ) સ્વરપેટી (બ) જીભ–હોઠ (ક) નાદતંત્રી–ફેફસાં

(૩૨) ભાષાના કયા સ્વરૂપને બોલી કહે છે ?
(અ) વાચ્ય (બ) સંકેતાત્મક (ક) કથ્ય

(૩૩) ગુજરાતમાં મુખ્ય કેટલી બોલીઓ છે ?
(અ) ચાર (બ) પાંચ (ક) છ

(૩૪) ચરોતરી બોલી ગુજરાતના કયા વિસ્તારમાં બોલાય છે ?
(અ) સૌરાષ્ટ્ર (બ) મધ્ય ગુજરાત (ક) દક્ષિણ ગુજરાત

(૩૫) સોરઠી, હાલારી, ગોહિલવાડી, ઝાલાવડી– વગેરે બોલીઓ કઈ બોલીની પેટાબોલીઓ છે ?
(અ) સુરતીબોલી (બ) સિંધી બોલી (ક) સૌરાષ્ટ્ર બોલી

(૩૬) ઉત્તર ગુજરાતમાં બોલાતી બોલી કયા નામે ઓળખાય છે ?
(અ) પટ્ટણી (બ) ચરોતરી (ક) સૌરાષ્ટ્રી

(૩૭) કચ્છી બોલીનો સંબંધ કઈ ભાષા સાથે છે ?
(અ) મારવાડી (બ) સિંધી (ક) ગુજરાતી

(૩૮) 'સુરતી બોલી' ગુજરાતના કયા વિસ્તારમાં બોલાય છે ?
(અ) મધ્ય ગુજરાત (બ) ઉત્તર ગુજરાત (ક) દક્ષિણ ગુજરાત

(૩૯) માન્ય 'સ' અને 'શ' નો અઘોષ 'હ' કઈ બોલીમાં વપરાય છે ?
(અ) સૌરાષ્ટ્રી (બ) ચરોતરી (ક) સુરતી

(૪૦) જુની મિસરની ભાષા કઈ લિપિમાં મળે છે ?
(અ) દ્રશ્યલિપ્પિ (બ) ચિત્રલિપિ (ક) સાંકેતિક લિપિ

(૪૧) ભાષા વૈજ્ઞાનિકોએ ભાષાના અગત્યના કેટલા ભાષા કુલો ગણાવ્યાં છે ?
(અ) બાર (બ) દસ (ક) તેર

(૪૨) જુદી જુદી ભાષાઓના પારિવારિક વર્ગીકરણ માટે શું જરૂરી છે ?
(અ) રચનાનું સામ્ય (બ) લિપિનું સામ્ય (ક) શબ્દભંડોળનું સામ્ય

(૪૩) ભારત–યુરોપીય લોકોને વિદ્વાનો કયા નામથી ઓળખાવે છે?
(અ) વિકાસ (બ) વિરોસ (ક) વિપક્ષ

(૪૪) 'વ્યક્તિ બોલી' માટે અંગ્રેજીમાં કયો શબ્દ વપરાય છે ?
(અ) Styles (બ) Communication (ક) <u>Ideolect</u>

(૪૫) 'ભાષા પરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ' – પુસ્તકનાં લેખકનું નામ જણાવો.
(અ) ડૉ. યોગેન્દ્રવ્યાસ (બ) જયંત કોઠારી (ક) નરસિંહરાવ દિવેટીયા

(૪૬) પ્રાચીન ગુજરાતી ભાષાને ઉમાશંકર જોશી કયા નામથી ઓળખાવે છે ?
(અ) અપભ્રંશ (બ) મારૂ–ગુર્જર (ક) જૂની ગુજરાતી

(૪૭) તમિલ, તેલુગુ, કન્નડ કયા કુળની ભાષાઓ છે ?
(અ) ચીની–તિબેટી (બ) ભારતીય આર્ય (ક) દ્રવિડી

(૪૮) સૌરાષ્ટ્રની ઝાલાવડી બોલીમાં 'પૈસો' માટે કયો શબ્દ વપરાય છે ?
(અ) ફદિયું (બ) ફાવવ્યું (ક) ફલ્યું

(૪૯) ગુજરાતીની પ્રથમ ભૂમિકાને કે.કો શાસ્રી કયા નામે ઓળખાવે છે ?
(અ) અપભ્રંશ (બ) જૂની ગુજરાતી (ક) મારૂ – ગુર્જર

(૫૦) 'ગુજરાતી ભાષા' એવા સૌ પ્રથમ શબ્દ પ્રયોગ કોણે ક્યાં કર્યો ?
(અ) ભાલણે–નળાખ્યાનમાં (બ) નરસિંહ મહેતાએ પદોમાં (ક) પ્રેમાનંદે–દશમસ્કંધમાં